ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# ધગધગતા તાપમાં કાર્યરત પોલીસ જવાનોને ચા તથા હળવા નાસ્તાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા કરવામાં આવેલા લોક ડાઉનમાં ભરઉનાળે કડક અમલવારી માટે રાઉન્ડ ધ કલોક પોલીસ જવાનો કાર્યરત છે. આ પોલીસ જવાનોને સર્કલે સર્કલે જઇ બપોર પછીની મસ્ત મજાની ચાની ચુસ્કી ભરાવવાનું અને ગરમાગરમ નાસ્તો આપવાની ઉમદા સેવા સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર દ્વારા કરવામાં આવી રહી છે. તાજેતરમાં મંદિર દ્વારા સતત કાર્યરત પોલીસ કર્મીઓને મસ્ત મજાની તાજી શાકભાજીની કિટનું પણ વિતરણ પ્રભુના પ્રસાદ તરીકે કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં કોરોના સામેની લડાઈમાં સતત પોતાની ફરજને પ્રાધાન્ય આપનાર આરોગ્ય સેવા સાથે સંકાળાયેલ સ્ટાફ, સફાઇ કર્મીઓ અને પોલીસ કર્મીઓ ખરેખરે લોક માનસ પટ્ટમાં ઉમદા છબી ઉભી કરી છે. કોરોના વાયરસના કારણે સમગ્ર જિલ્લામાં લગાવવામાં આવેલા લોક ડાઉનની કડક અમલીવારી કરવાનું કામ જિલ્લા પોલીસના અધિકારીઓ અને જવાનો સતત કરી રહ્યાં છે.

ઉનાળાની લૂ ભરેલા પવનમાં પણ ગાંધીનગર શહેરના સર્કલ પર પોલીસ જવાનો પોતાની ફરજ પૂરેપુરી નિષ્ઠાથી બજાવી રહ્યાં છે. આવા જવાનોને સેકટર- ૨ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી અને પી.પી.સ્વામીના માર્ગદર્શન હેઠળ તેમના હરિભક્તો એક ટીમ થઇ સેવાકીય કાર્યને આગળ ધપાવી રહ્યાં છે. શ્રી ભીખાભાઈ પટેલ અને સુખદેવભાઈ દેસાઈ ઘ-૩ સર્કલ પાસેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, નિયમિત રીતે બપોરના સમયએ મંદિરથી બે કાર ઉપાડવામાં આવે છે. આ બન્ને કાર ગાંધીનગરના વિવિધ સર્કલો પર ઉભા રહી અને સચિવાલય આસપાસ ફરજ બજાવતા એસ.આર.પી અને પોલીસ જવાનોને જાણે સલામ ભરતાં હોય તેમ એક મસ્ત મજાની ચા ની ચુસ્કી અને તેમની કાર્ય ક્ષમતામાં એનર્જી આપે તેવો મસ્ત મજાનો પુલાવ, ખીચડી કે અન્ય નાસ્તો આપવામાં આવે છે. જવાનો પણ આ નાસ્તાનો સ્વીકાર પ્રભુના પ્રસાદ આવ્યો હોય તેમ સ્વીકારી લે છેર્જ

સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર દ્વારા નિયમિત રીતે ૫૦૦ જેટલા પોલીસ જવાનો આ ઉપરાંત છાપરાઓમાં અને રસ્તા પર રહેતા ગરીબ પરિવારોને પણ ફૂડ પેકેટ આપવામાં આવે છે. ગરીબ પરિવારમાં ૭૦૦ જેટલા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.



# વિદેશથી જિલ્લામાં આવનાર નાગરિકોને ૧૪ દિવસ સુધી કોરેન્ટાઇન ફેસેલીટી પર લઈ જવાશે : ડૉ. કુલદીપ આર્ય

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર જિલ્લામાં વિદેશથી આવનાર નાગરિકો તેમના ઘરે જાય તે પહેલા ૧૪ દિવસ સુધી કોરેન્ટાઇન ફેસેલીટી પર લઇ જવામાં આવશે. આ અંગેની સુચારું વ્યવસ્થા કરવા માટે એક ખાસ ટીમની રચના કરવામાં આવી છે, તેવું જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે કે, કોવિડ-૧૯ની મહામારીના કારણે સમગ્ર ભારતમાં તા.૧૭મી મે, ૨૦૨૦ સુધી લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેના કારણે અનેક ભારતીય નાગરિકો તેમજ ગુજરાતના રહેવાસીઓ કે જેઓ લોકડાઉન પહેલા રોજગાર, શિક્ષણ ઈન્ટરશીપ, પ્રવાસન, ધંધાકીય પ્રવૃત્તિ અર્થે વિદેશમાં ગયા હતા અને ત્યાં જ રોકાઈ જવું પડયું હતું. આ નાગરિકોની વતન પરત ફરવાની માંગણી અને અન્ય ઈમરજન્સી કારણે જયારે તેઓ પરત ફરે છે.

જેમાં ગાંધીનગર જિલ્લાના ભારત બહાર ફસાયેલ નાગરિકો વતન પરત આવવાના છે. આવા વિદેશ પ્રવાસી નાગરિકોના આગમન અને કોરેન્ટાઈનના સુચારું વ્યવસ્થાપન થઈ શકે અને નિયત સમયમાં કામગીરી પૂર્ણ કરી શકાય તે માટે પાટનગર યોજના વિભાગ-૨ના કાર્યપાલક ઇજનેર શ્રી એન.એસ.સાલવીની નોડલ અધિકારી તરીકે અને મામલતદાર ચૂંટણી શ્રીમતી એન.એમ.પટેલની સહ નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમની આગેવાની હેઠળ નવ અધિકારીઓની ટીમની રચના કરવામાં આવી છે.

આ ટીમ વિદેશ મંત્રાલય દ્વારા હવાઈ આગમન અંગે આગોતરી જાણ કરવામાં આવ્યેથી એન.આર.જી ફાઉન્ડેશનના નિયામકશ્રીએ એરપોર્ટના નોડલ અધિકારી, જી.એસ.આર.ટી.સીના નોડલ અધિકારી અને અત્રેના જિલ્લાની કોરેન્ટાઇન ફેસિલીટી પર આ પ્રવાસીઓને મોકલવાના રહે છે. જિલ્લા પંચાયત, અમદાવાદના નોડલ અધિકારી તરફથી વિગતો પ્રાપ્ત થયે એરપોર્ટ પરથી સીધા અત્રેના જિલ્લાના વિદેશી નાગરિકોને કોરેન્ટાઇન ફેસેલીટી ઉપર લઇ જવાની વ્યવસ્થા કરવામાં આવશે.


આરોગ્ય વિભાગની ગાઇડ લાઇન પ્રમાણે કવોરેન્ટાઇનનો ૧૪ દિવસનો સમય પૂર્ણ કર્યેથી અને તે પછી ચકાસણીમાં કોઈ લક્ષણ ન જણાય ત્યારે તેમને ઘરે જવાની પરવાનગી આપવામાં આવશે. તેઓએ ઘરે પણ વધુ ૧૪ દિવસ પોતાના આરોગ્યનું સેલ્ફ મોનીટરીંગ કરવાનું રહેશે. ફરજિયાત કોરેન્ટાઇનના ૧૪ દિવસ દરમ્યાન આરોગ્ય વિભાગની ગાઇડ લાઇન પ્રમાણે અઠવાડિક આરોગ્ય ચકાસણી કરવાની રહેશે. કવોરેન્ટાઇન ફેસીલીટી પેઇડ અને અનપેઇડ એમ બે પ્રકારની રહેશે. જેમાં પેઇડ ફેસીલીટી કે જે ગાંધીનગર શહેર તથા જિલ્લાની હોટલો મુકરર કરવામાં આવી છે. તેમાં આપવામાં આવશે. તેનો ખર્ચ જે તે પેસેન્જરે ભોગવવાનો રહેશે તેમજ અનપેઇડ ફેસીલીટીમાં પેસેન્જરોને વિના મૂલ્યે રહેવાની સુવિધા આપવામાં આવશે. તેનો ખર્ચ રાજય સરકારના ફંડમાંથી કરવામાં આવશે. સૌ પ્રથમ વિદેશથી આવતાં પેસેન્જરોને ઉક્ત બન્ને ફેસીલીટી બાબતે સમજૂતી આપીને તેમને ઉપલબ્ધ ફેસેલીટી તેમની પસંદગી મુજબ ફાળવવાની રહેશે. તે અંગેની નોંધ રજિસ્ટ્રમાં કરવામાં આવશે.

# શહેરમાં ૧૭ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર શહેરમાં સવારના સમયે ચાલવા માટે નીકળેલા ૪ નાગરીકો સહિત ૧૭ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે. પોલીસે ખ-૬ સર્કલ થી ખ-૭ તરફ જતા માર્ગ પર નીકળેલા રઘુભાઈ વરવાભાઈ દેસાઈ, સેકટર-૨૩ ખાતે ચાલવા માટે નીકળેલા સાતિષભાઈ બળદેવભાઈ પટેલ, ઉપેન્દ્રભાઈ બળવંતભાઈ ત્રિવેદી, રમણભાઈ મગનભાઈ પટેલ (તમામ સે-૨૩) સામે પોલીસે કાર્યવાહી કરી છે. ત્યારે બીજીતરફ લોકડાઉનમાં શાકભાજીનું વેચાણ સદંતર બંધ હોવા છતા સે-૨૫ ખાતે શાકભાજીની લારી લઈને નીકળેલા કંકુબેન નરસિંહભાઈ દંતાણી (ગોકુલપુરા) અને અક્ષરધામ પાસે ચંચીબેન ગોવિંદભાઈ દંતાણી સામે પોલીસો કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત પોલીસે સેકટર-૮ થી ૨, સે-૧૩ થી ૧, સે-૧૬ થી ૧, વાવોલથી ૧, માધવગઢ થી ૧, રાયપુરથી ૧, વડોદરા થી ૧, ડભોડાથી ૧, અનો પેથાપુરથી ૨ નાગરીકોનો બિનજરુરી રીતે ફરતા પકડી પાડીનો તમામ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકા હાલમાં એકદમ એકિટવ મોડમાં છે. કોરોના સામે જીતવા રીતસર જંગ છેડાઈ છે. કોરોનાના કહેરને ઓછો કરવા સૌ કોઈ જાતભાતના નુસ્ખા અને દવા અપનાવી રહ્યા છે. ગાંધીનગર મનપા દ્વારા હોમિયોપેથીકની દવાનું ઘરે ઘરે જઈ વિતરણ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં દરેક વોર્ડના કોર્પોરેટરોએ પોતાના વોર્ડમાં આ દવાનું વિતરણ કર્યું હતું.



પંખીઓનું સ્વીમીંગ પુલ... કોરોના ઈફેકટને કારણે આ વખતે ઉનાળાની ઋતુનો આનંદ માણી શકાતો નથી. સામાન્ય દિવસોમાં ઉનાળા દરમ્યાન ભરચક રહેતા વોટર પાર્કસ, થીમ પાર્કસ અને સ્વીમીંગ પુલ એકદમ સુના બન્યા છે. વોટર પાર્ક કે સ્વીમીંગ પુલ કયારે શરૂ થાય તે હજુ નક્કી નથી. કદાચ તે શરૂ થવાની સ્થિતિ સર્જાય ત્યારે ચોમાસુ બેસી જાય તેવું બને. હાલમાં ઘરે બેસીને રાહ જોવા સિવાય કોઈ ઉપાય નથી. જો કે તસ્વીરમાં દેખાતા પંખીઓને કયાં કોરોનાનો પ્રશ્ન નડે છે, જયાં પાણી ભરાયું હોય ત્યાં આપણું સ્વીમીંગ પુલ તેવું માની આ પંખીઓ આકરી ગરમીમાં ઠંડક મેળવી રહ્યા છે.

# મા વિના સૂના પડી ગયેલા બિલાડીના કુમળા બચ્ચાંઓને નવજીવન બક્ષતી સાસુ-વહૂની જોડી

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગરના સેકટર-૨૨માં એક વયોવૃદ્ધ મહિલા ગાયનેક તબીબના ઘરે એક બિલાડીએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યાં દસ દિવસ પછી અચાનક બિલાડી ગાયબ થઈ ગઈ હતી જેના કારણે બચ્ચા મા વિના સૂના પડી ગયા હતા અને તેમાંથી એક બચ્ચું માના વિયોગમાં મૃત્યુ પામ્યું હતું. ત્રણ-ચાર દિવસ પછી આ બિલાડી મરી ગઈ હોવાની જાણ થતાં તેના બાકી રહેલા બે બચ્ચાની સાર-સાંભળનો પણ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો તેવા સમયે સેક્ટર-૫સી ખાતેના નવજીવન ટ્રસ્ટનાં જીવદયા પ્રેમી સાસુ-વહુએ વ્હારે આવી આ બંને બચ્ચાના ઉછેરની જવાબદારી સ્વીકારી તેમણે પોતાના ઘરે લઈ ગયા છે જ્યાં બચ્ચાઓની યોગ્ય સારસંભાળ લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

સેક્ટર-૨૨માં સરકારી આયુર્વેદિક હોસ્પિટલ નજીક રહેતા વયોવૃદ્ધ મહિલા તબીબના ઘરના કમ્પાઉન્ડમાં થોડા દિવસ પહેલા એક બિલાડીએ ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો હતો. આશરે દસ દિવસ સુધીમાં તો માતાના ધાવણ અને મમતાને પામી આ બચ્ચા મોજથી ઉછરી રહ્યા હતા અને આનંદ કિલ્લોલ કરી રહ્યા હતા પરંતુ અચાનક એક દિવસ તેમની માતા ક્યાંક ગુમ થઈ જવા પામી હતી. ત્રણ-ચાર દિવસમા તો આ મા વિના સૂના પડી ગયેલા બચ્ચાં નિરાશ બની શોષાવા લાગ્યા હતા જેમાં એક બચ્ચું તો બિચારું મરી જવા પામ્યું. વળી, આ દરમ્યાન બિલાડી પણ મરી ગઈ હોવાના સમાચાર આસપાસમાંથી પ્રાપ્ત થતાં વ્યથિત થયેલા વૃદ્ધ મહિલા તબીબે આ બચ્ચાં તેમનાથી સંભાળવા મુશ્કેલ જણાતાં તેમણે બાજુમાં રહેતી એક અંજલિ ઠાકર નામની યુવા જીવદયા પ્રેમી યુવતીને બચ્ચાં સોંપ્યા હતા. જો કે આ યુવતીએ પણ બે દિવસ બચ્ચાંને સાચવ્યા પછી પોતાને ઘરે અગાઉથી જ બે મોટા બિલાડાં હોવાને કારણે બચ્ચાં પર જોખમ જણાતાં શહેરના વેટરનરી તબીબ સ્નેહલ પ્રજાપતિની મદદથી સેક્ટર-૫સી ખાતે રહેતા અને અબોલ જીવો માટે નવજીવન ટ્રસ્ટ થકી સેવા કાર્ય કરતાં સાસુ રીટાબેન પટેલ અને તેમની વહુ કરીના પટેલનો સંપર્ક સાધ્યો હતો જેમણે આ બચ્ચાંના ઉછેરની જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી હતી અને અંજલિના ઘરે આવીને બચ્ચાંને પોતાના ઘરે લઈ ગયા હતા. સાસુ-વહુએ આ બચ્ચાં માટે તેમના ઘરમાં ખાસ અલાયદી વ્યવસ્થા ગોઠવી છે અને બંને બચ્ચાંને બોટલ વડે દૂધ પીવડાવવા સહિત તેમના યોગ્ય ઉછેર માટે તેમની સારસંભાળ લેવાનું શરૂ કરી દીધું છે જેના કારણે બિલાડીના આ બંને કુમળા બચ્ચાંઓને "નવજીવન" પ્રાપ્ત થયું છે.



## ચિરવિદાય

- સ્વ. કનુભાઈ દેવાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૦
- સ્વ. સુશીલાબેન મોહનભાઈ પરમાર, ઉ.વ. ૬૭
- સ્વ. નીતાબેન પ્રભુભાઈ દંતાણી, ઉ.વ. ૩
- સ્વ. રાજેશકુમાર કાળીદાસ પ્રજાપતિ, ઉ.વ. ૫૭

# કોલેજની સ્મેસ્ટર ફીમાં ઘટાડો કરી ફી ભરવામાં થોડો સમય રાહત આપો : એનએસયુઆઈ

ગાંધીનગર, તા.૧૨
એક તરફ દિવસે ને દિવસે વકરતી જતી કોરોના મહામારીના કારણે લોકડાઉનની સ્થિત છે અને તેમાં પણ ગાંધીનગર-અમદાવાદ તો સંપૂર્ણ લોકડાઉન કરવાની ફરજ પડી છે, આ સંજોગોમાં રાજ્ય સરકાર દ્વારા પણ તમામ યુનિવર્સિટી-કોલેજોમાં આગામી તા. ૨૦મી જૂન સુધી વેકેશન લંબાવી દેવાની જાહેરાત કરી દેવામાં આવી છે, ત્યારે ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ખાતેની કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થોને ડેન્ટલ કોલેજના આગામી સેમેસ્ટરની એડ્વાન્સ ફી ભરી જવા માટે ઉઘરાણી કરવામાં આવી રહી છે. કર્ણાવતી યુનિવર્સિટીના આ પગલાંનો નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા – એનએસયુઆઈ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી તથા શિક્ષણ મંત્રીને પત્ર લખી વિરોધ કરવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓને સેમેસ્ટર ફીમાં ઘટાડો કરી થોડો સમય ફી ભરવામાથી રાહત આપવા માંગ કરવામાં આવી છે.

એનએસયુઆઈના ગાંધીનગર જિલ્લા પ્રમુખ અમિત પારેખે રાજયના મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે કર્ણાવતી યુનિવર્સિટીના સત્તાધીશોએ દ્વારા વર્તમાન પરિસ્થિતિને અનુકૂળ રહેવાને બદલે શરૂ કરેલા ફીના ઉઘરાણાંને કારણે વાલીઓમાં યુનિવર્સિટી સત્તાધીશોએ સામે રોશની લાગણી ફેલાવા પામી છે. કોલેજોમાં જ્યાં સુધી વૅકેશન છે ત્યાં સુધી ફીની ઉઘરાણી કરવી સરકારના નિયમોના ઉલ્લંઘન સમાન છે અને કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા ડેન્ટલ કોલેજના આગામી સેમેસ્ટરની એડ્વાન્સ ફી પેટે સેમેસ્ટર દીઠ રૂ. ૭૦ હજારથી ૭૫ હજાર સુધીની ફી ઉઘરાવવામાં આવી રહી છે એટલુ જ નહીં પરંતુ ફી ભરવાની અંતિમ તારીખ પણ ૨૩મી મે સુધીની જ રાખવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓએ અને વાલીઓને ઈમેલ તથા મેસેજ કરીને ફી ઉઘરાવવામાં આવી રહી છે અને અંતિમ તારીખ સુધી ફી ભરી દેવામાં નહીં આવે તો પેનલ્ટી સાથે ફી ભરવી પડશે તેવું દબાણ પણ કરવામાં આવી રહ્યું છે. આથી એનએસયુઆઈ દ્વારા રાજ્ય સરકારે સત્વરે યોગ્ય આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સેમેસ્ટર ફીમાં ઘટાડો કરી વિદ્યાર્થીઓને થોડા સમય પૂરતી ફી ભરવામાથી રાહત આપવા માંગ કરવામાં આવી છે.

# બધા વાલીઓ ફી નહીં ભરે તો સ્વનિર્ભર શાળાઓની હાલત કફોડી બનશે

## સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા આર્થિક રીતે સક્ષમ હોય અથવા જેમની નોકરી-પગાર ચાલુ છે તેવા વાલીઓએ ફી ભરી શાળાને મદદરૂપ થવા આહવાન : ફી માફીથી સ્વનિર્ભર શાળાઓ ભાંગી પડશે

ગાંધીનગર, તા. ૧૨
કોરોના મહામારીના પગલે લાગુ પડેલા લોકડાઉનમાં મોટાભાગના ધંધા-વ્યવસાય બંધ છે જેના કારણે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની સ્વનિર્ભર શાળાઓને વિદ્યાર્થીઓની ફી નહીં વધારવા અને વાલીઓને ફી ભરી જવા દબાણ નહીં કરવાની તાકીદ કરી છે. જો કે આ સ્થિતિમાં સ્વનિર્ભર શાળાઓને નિભાવ માટે કરવા પડતાં નિયમિત ખર્ચનો બોજ અસહ્ય બની શકે છે. આમ છતાં શાળા સંચાલકો દ્વારા વાલીઓ પર ફી ભરવાનું દબાણ કરવામાં આવતું નથી પરંતુ તે સાથે ગુજરાત રાજ્યના સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા જે વાલીઓની આર્થિક પરિસ્થિતી સક્ષમ છે અથવા જેની નોકરી કે પગાર ચાલુ છે અથવા જેનો વ્યવસાય કે આવક ચાલુ છે તેવા વાલીઓએ સ્વૈચ્છીક રીતે સમજીને ફી ભરી સ્વનિર્ભર શાળાને મદદરૂપ થવું જોઈએ અને તેવા વાલીને જો શાળા ફી ભરવા વિનંતી કરે તો તેને ફી ભરવાનું દબાણ ના સમજવું જોઈએ.

અત્યારે કોરોના મહામારીના કારણે સૌ કોઈ પરેશાન છે, આ મહામારી ચેપી હોવાથી બાળકો તથા અન્ય વ્યક્તિઓમાં સંક્રમિત ના થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા હાલ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્થિતિમાં બાળકો, વાલીઓ, શિક્ષકો તેમજ શાળા સંચાલકો સૌ કોઈ મુશ્કેલી અનુભવી રહ્યા છે. આમ છતાં, શાળાઓ ઓનલાઈન શિક્ષણના વિકલ્પથી શૈક્ષણિક કરી કરી રહ્યા છે. આ સાથે લોકડાઉનના કારણે જે વાલીઓની નોકરી-વ્યવસાય કે કામધંધા બંધ છે તેમની પાસેથી શાળા સંચાલકો અત્યારે પરાણે ફી ભરાવવાનો દુરાગ્રહ રાખતા નથી પરંતુ સ્વનિર્ભર શાળા ચલાવવા માટે કેટલાક નિશ્ચિત ખર્ચા દરેક પરિસ્થિતિમાં કરવા પડે છે જેમકે શિક્ષકોના પગાર, મકાન ભાડું, મકાન લોન કે અન્ય એવા કેટલાક ખર્ચા છે જે નિયમિત ચૂકવવા જરૂરી હોય છે. આ સ્થિતિમાં અમુક સંગઠનો દ્વારા ફી માફીની માંગણી કરતાં મેસેજ સોશિયલ મીડિયામાં વહેતા કરીને ગેરસમજ ફેલાવાઈ રહી છે, જો ફી માફી કરવામાં આવે તો સ્વનિર્ભર શાળાઓની કમર આર્થિક બોજથી ભાંગી પડશે જેની અસર વિદ્યાર્થીઓના શિક્ષણ પર પડી શકે છે.

વળી, આ સ્થિતિમાં જે વાલીઓની નોકરી ચાલુ છે, જેમનો પગાર ચાલુ છે અથવા જેમનો વ્યવસાય કે આવક ચાલુ છે અથવા જે વાલીઓ આર્થિક રીતે સક્ષમ છે તેવા વાલીઓ તેમના બાળકોની શાળાની ફી ભરીને શાળાને મદદરૂપ થાય તેવી અમારી લાગણી છે. સ્વનિર્ભર શાળા વિદ્યાર્થીઓની ફી થકી એકત્ર થતાં નાણાંથી જ ચાલતી હોય છે. વળી, શાળા ફી નિયંત્રણ સમિતિ આવી પછી દર વર્ષના અંતે રિઝર્વ ફંડ પણ મંજૂર કરવામાં આવતું નથી. આરટીઈ એક્ટ હેઠળ ભણતા વિદ્યાર્થીઓની ફી પણ મર્યાદિત રકમમાં જ શાળાને આપવામાં આવતી હોય છે. આ સંજોગોમાં શાળાને જો આવક જ ના થાય તો શાળા ચલાવવી જ અઘરી થઈ પડે, શાળા સંચાલકો સ્ટાફને કેવી રીતે નિભાવી શકે? લોન-ભાડું વગરે કેવી રીતે ભરી શકે? આ સંજોગોમાં સમાજમાં કેટલાક તત્વો શાળાઓને અસમાજિક શબ્દોથી સંબોધે કે હિતશત્રુઓ ગેરમાન્યતા ફેલાવે તો તેવું વર્તન બાળકો માટે તેમના ભાવીને અસંસ્કારી અને ધૂંધળું બનાવી શકે છે. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની લાગણી છે કે જે વાલીઓ સક્ષમ છે અથવા જેની આવક ચાલુ છે તેમણે શાળાની ફી ભરી દેવી અને આગામી સત્રમાં પણ તેમણે નિયમિત ફી ભરવી જોઈએ, માર્ચ, એપ્રિલ અને મે માસની ફી જેમની બાકી હોય તેમણે નવું સત્ર ખૂલતાં હપ્તેથી પણ ભરવાનું શરૂ કરી દેવું જોઈએ અને તે માટે શાળાને અત્યારથી પત્ર લખી જાણ કરી દેવી જોઈએ. આ સાથે મહામંડળ પણ વાલીઓને વિશ્વાસ અપાવે છે કે આગામી વર્ષે કોઈ સ્વનિર્ભર શાળાની ફીમાં વધારો કરવાનો નથી અને ફીની વ્યવસ્થા અંગે કોઈ પણ વાલીને મૂંઝવણ હોય તો શાળા તેવા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તૈયાર રહેશે.